BUSINESS મિત્ર

સ્મોલકેપ શેરોમાં શાનદાર લેવાલી, મિડકેપ શેરોમાં નજીવો સુધારો

બે દિવસની તેજીને બ્રેક વાગી, નિફ્ટી 24400 પોઇન્ટની નીચે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30: ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી હતી, જ્યારે મિડ સેશનમાં શેરબજાર ઉછળ્યો હતો, જ્યારે મિડ સેશન બાદ વેચવાલી હાવી થવા લાગી હતી અને સેન્સેક્સ તથા નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. બેન્ક અને ફાઇનાન્સીયલ શેરોમાં વેચવાલી જોવાઇ હતી. જેના લીધે શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

આમ, ભારતીય શેરબજારમાં બે દિવસની તેજીને બ્રેક વાગી હતી. આજે કારોબારના દિવસ દરમ્યાન મીડિયા, એફએમસીજી અને મેટલ શેરોમાં તેજી જોવા મળી હતી. જ્યારે ફાઇન્સીયલ સર્વિસીસ, કન્ઝયુમર ડ્યુરેબલ્સ અને ફાર્મા શેરો ઘટાડા નોંધાયા છે.

એનઆરઆઇની ડિપોઝીટનો ફલો વધ્યો છે, જે આરબીઆઇના બુલેટિનમાં જણાવાયું છે. એનઆરઆઇ ડિપોઝીટ સ્કીમ વધીને 7.82 બિલીયન ડોલર પર પહોંચી છે. જે ગત વર્ષે આ સમયગાળામાં 3.74 બિલીયન ડોલરની હતી.

સાંકડી વધઘટ વચ્ચે રૂપિયો સપાટ

આજે ડોલરની સામે રૂપિયામાં સાંકડી વધઘટ વચ્ચે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 84.08ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 91.39, પાઉન્ડ 109.19, કેનેડિયન ડોલર 60.48, ઓસ્ટ્રેલિયન ડોલર 55.49, જાપાનીઝ યેન 5496 અને સીંગાપોર ડોલર 55.49ના સ્તરે બંધ રહ્યા હતા.

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 426.85 પોઇન્ટ એટલે કે 0.53 ટકા વધીને 79942.18 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સમાં 80435 પોઇન્ટ ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 79822 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 126 પોઇન્ટ એટલે કે 0.52 ટકા ઘટીને 24400 પોઇન્ટની સપાટી તોડીને 24340.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24498 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24307 પોઇન્ટ ઘટી હતી. બેન્ક નિફ્ટી 513.20 પોઇન્ટ એટલે કે 0.98 ટકા ઘટીને 51807.50 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. ગઇકાલે બેન્ક નિફ્ટીમાં મજબૂતાઇ રહ્યા બાદ આજે ઉપલા સ્તરેથી વેચવાલી રહી હતી.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન ચાલુ રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.04 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.54 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયા હતા. બીએસઇ ખાતે 2893 શેરો વધ્યા હતા અને 1038 શેરો ઘટયા હતા અને 90 શેરો ઘટયા હતા.

બીએસઇ ખાતે ટોરેન્ટ ફાર્મામાં 2179.99 ગણા, કેપ્રી ગ્લોબલમાં 34.85 ગણા, મેરિકો 9.7 ગણા, હનીવેલ ઓટોમેશનમાં 4.3 ગણા અને લક્ષ્મી ઓર્ગેનીક્સમાં 4.05 ગણા કામકાજ નોંધાયા છે.એનએસઇ ખાતે કેપ્રી ગ્લોબલમાં 161.68 ગણા, રેડીન્ગટન લિ.માં 17.05 ગણા, ડાટા પેટર્નમાં 11.22 ગણા, હનીવેલ ઓટોમેશનમાં 10.88 ગણા, વર્ધમાન ટેકસટાઇલ્સમાં 10.42 ગણા કામકાજ નોંધાયા છે.

ગોદાવરી બાયોરીફાઇનરી ડિસ્કાઉન્ટમાં લિસ્ટીંગ થયું છે. કંપનીએ રૂ. 352ના ભાવે ઓફર કરાયો હતો. જે 2.34 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 343.75ના ભાવે બંધ રહ્યા હતા.

ફાઇનાન્સીયલ શેરોમાં વેચવાલીના પગલે નિફ્ટી ફાઇનાન્સીયલ સર્વિસીસ ઇન્ડેક્સ 1.32 ટકા ઘટયા હતા. જેમાં એમસીએક્સ, આઇસીઆઇસીઆઇ પ્રુડન્શીયલ, આરઇસી, શ્રીરામ ફાઇનાન્સ, એચડીએફસી લાઇફ, એસબીઆઇ લાઇફ, પીએફસી, આઇસીઆઇસીઆઇ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અને ચોલામાંડલમ ઇન્વેસ્ટમેન્ટ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી. રોકાણકારો લેટેસ્ટ ગ્રોથ રેટાની રાહ જોવાઇ રહી છે. એશિયન બજારો પણ નીચલા સ્તરે રહ્યા હતા અને લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. યુ.એસ. પ્રેસીડેન્સીયલ ચૂંટણી અને ચાલુ વીકમાં કી ઇકોનોમીક રીડીંગ પર નજર રહેલી છે. જાપાનની સરકારમાં અનિશ્ચિતતા જોવા મળી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.41 ટકા, કેક 1.45 ટકા અને ડેક્સ 0.95 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.95 ટકા સુધારો જોવાયો હતો. જ્યારે સ્ટ્રેઇટસ 0.88 ટકા, હેંગેસંગ 1.57 ટકા, તાઇવાન 0.47 ટકા, કોસ્પી 0.93 ટકા, જકાર્તા 0.49 ટકા અને શાંઘાઇ 0.62 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-426.85	79942.18
નિફ્ટી	-126.00	24340.85
બેન્ક નિફ્ટી	-513.20	51807.50

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટર	4.24	2969.30
તાતા કન્ઝયુમર	3.09	1022.70
હીરો મોટોકોર્પ	2.55	4909.30
બ્રિટાનીયા	2.03	5782.50
મારૂતિ સુઝુકી	1.91	11256.45

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
સીપલા	4.01	1418.25
શ્રીરામ ફાઇનાન્સ	2.45	3185.80
એસબીઆઇ લાઇફ	2.24	1624.15
ટ્રેન્ટ	2.13	7252.45
એચડીએફસી લાઇફ	2.07	727.05

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મારૂતિ સુઝુકી	1.92	11260.15
ઇન્ડસઇન્ડ બેન્ક	1.81	1057.00
લાર્સન-ટુબ્રો	0.77	3407.10
આઇટીસી	0.72	491.45
અલ્ટાટેક સિમેન્ટ	0.71	11195.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.01	1801.75
ICICI બેન્ક	1.52	1312.20
કોટક મહિન્દ્રા બેન્ક	1.32	1736.50
મહિન્દ્રા-મહિન્દ્રા	1.28	2708.10
એસબીઆઇ	1.23	822.40

સ્માર્ટફોન માર્કેટમાં સેમસંગની જબરદસ્ત વાપસી, શાઓમીએ નંબર વનનું સ્થાન ગુમાવ્યું

સેમસંગે બજેટ અને મિડ-રેન્જ સેગમેન્ટમાં ઘણા નવા મોડલ લોન્ચ કર્યા છે

નવી દિલ્હી, તા. 30: ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં આ વર્ષે રેકોર્ડ બ્રેક વેચાણ થયું છે. કાઉન્ટરપોઇન્ટ રિસર્ચના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, જ્યાં શાઓમી આ વર્ષના બીજા ક્વાર્ટરમાં નંબર વન હતી, તે ત્રીજા ક્વાર્ટરમાં પાંચમા સ્થાને આવી ગઇ છે. બીજી તરફ અગાઉના રિપોર્ટમાં ત્રીજા ક્રમે રહેલી સેમસંગ હવે પહેલા નંબર પર આવી ગઇ છે એટલે કે સેમસંગે ભારતીય બજારમાં સૌથી વધુ હિસ્સો હસ્તગત કર્યો છે. સેમસંગે બજેટ અને મિડ-રેન્જ સેગમેન્ટમાં ઘણા નવા મોડલ લોન્ચ કર્યા છે, જેના કારણે તે ગ્રાહકોમાં વધુ લોકપ્રિય બન્યું છે. તેનાથી ઉલટું શાઓમીના વેચાણમાં ઘટાડો જોવા મળ્યો છે, જે તેના માર્કેટ શેરમાં ઘટાડાનું મુખ્ય કારણ છે.

કાઉન્ટરપોઇન્ટ રિસર્ચના એક રિપોર્ટ અનુસાર, ભારતે જુલાઇથી સપ્ટેમ્બર 2024ના ત્રીજા ક્વાર્ટરમાં સ્માર્ટફોન વેચાણમાં રેકોર્ડ વેચાણ નોંધાવ્યું છે. આ રિપોર્ટ અનુસાર સ્માર્ટફોન માર્કેટમાં વાર્ષિક ધોરણે 12 ટકાનો વધારો થયો છે, જે અત્યાર સુધીના એક ત્રિમાસિક ગાળામાં સૌથી વધુ રેટ છે. આ સાથે જ આ સમયગાળામાં સ્માર્ટફોન શિપમેન્ટમાં પણ 3 ટકાનો વધારો જોવા મળ્યો છે, જે બજારની મજબૂત માંગનો સંકેત આપે છે.

સેમસંગે ત્રીજા ક્વાર્ટરમાં 22.8 ટકા માર્કેટ શેર સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે. અગાઉના ક્વાર્ટરમાં કંપની 18.1 ટકા શેર સાથે ત્રીજા સ્થાને હતી, પરંતુ આ ક્વાર્ટરમાં તેણે મોટો ઉછાળો કર્યો અને પ્રથમ સ્થાન મેળવ્યું. તે જ સમયે, એપલે 21.6 ટકા શેર સાથે બીજું સ્થાન મેળવ્યું છે. ખાસ વાત એ છે કે બીજા ક્વાર્ટરમાં ટોપ-5માં પણ એપલનો સમાવેશ થયો ન હતો. વિવો 15.5 ટકા માર્કેટ શેર સાથે ત્રીજા અને ઓપ્પો 10.8 ટકા શેર સાથે ચોથા સ્થાને છે. ત્રીજા ત્રિમાસિક ગાળામાં 5જી સ્માર્ટફોને સારો દેખાવ કર્યો હતો અને કુલ શિપમેન્ટમાં 81 ટકા હિસ્સો હાંસલ કર્યો હતો. ફાસ્ટ ઇન્ટરનેટ સ્પીડ અને એડવાન્સ ફીચર્સના કારણે ભારતીય બજારમાં 5જી સ્માર્ટફોનની ડિમાન્ડ ઝડપથી વધી છે. એફોર્ડેબલ ભાવે ઉપલબ્ધતા અને અગ્રણી બ્રાન્ડ્સના નવા લોંચથી વેચાણમાં વધારો થયો છે. તહેવારોની મોસમ અને આકર્ષક ઓફર્સ સાથે, 5 જી સ્માર્ટફોન માર્કેટ વધુ વધવાની અપેક્ષા છે. બજારમાં પ્રીમિયમ સ્માર્ટફોનની માંગ ઝડપથી વધી રહી છે. આકર્ષક ઈએમઆઈ ઓપ્શન અને ટ્રેડ-ઈન ઓફર્સ પણ આ ફેરફારમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

ભારતના સ્માર્ટફોન સ્માર્ટફોનમાં શાઓમીનો દબદબો સ્માર્ટફોન રિપોર્ટ માર્કેટમાં ઘટાડો થતો દેખાઈ રહ્યો છે. શાઓમી બીજા ક્વાર્ટરમાં પહેલા નંબરે હતી, જ્યારે તેનો માર્કેટ શેર 18.9 ટકા હતો. પરંતુ, ત્રીજા ક્વાર્ટરમાં આ શેર ઘટીને માત્ર 8.7 ટકા થઈ ગયો છે. આ સાથે જ શાઓમી હવે પાંચમા સ્થાને પહોંચી ગઈ છે. આ ક્વાર્ટરમાં અન્ય સ્માર્ટફોન કંપનીઓ સ્માર્ટફોન રિપોર્ટનો માર્કેટ શેર વધીને 20.5 ટકા થઈ ગયો છે.

દિવાળીના તહેવાર પહેલા રોકાણકારોની સંપત્તિમાં ઉછાળો

સ્મોલકેપ શેરોમાં મજબૂતાઇના પગલે રોકાણકારોને સવા લાખ કરોડની વૃદ્ધિ થઇ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30: ભારતીય શેરબજારના બંને મુખ્ય સુચકાક સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાન સાથે બંધ રહ્યા હતા. જેના લીધે સેન્સેક્સમાં 426 પોઇન્ટ ઘટયો હતો અને નિફ્ટી 24400ની નીચે સરકયો હતો. આ સાથે બ્રોડર માર્કેટમાં તેજી જોવા મળી હતી. ખાસ કરીને સ્મોલકેપ શેરોમાં લેવાલી નીકળી હતી અને સ્મોલકેપ શેરોના આઉટપર્ફોમન્સના કારણે રોકાણકારોની સંપત્તિમાં વૃદ્ધિ થતી જોવા મળી હતી. રોકાણકારોએ આજે લગભગ રૂ. 1.3 લાખ કરોડનો નફો કર્યો હતો. આજના કારોબાર દરમ્યાન સથી વધુ વેચવાલી ફાર્મા, આઇટી અને બેન્કીગ શેરોમાં જોવા મળી હતી. જ્યારે કેપિટલ ગુડઝ અને ઓટો શેરોમાં જોરદાર ખરીદી જોવા મળી હતી.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન વધીને રૂ. 436.16 લાખ કરોડ થયું હતું, જે ગત સેશનમાં રૂ. 434.86 લાખ કરોડનું હતું. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 1.3 લાખ કરોડનો વધારો થયો હતો. જેના પરિણામે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યા હતા. બીએસઇ ખાતે 4011 શેરોમાં કામકાજ નોંધાયા છે. જેમાં 2893 શેરો વધ્યા હતા, જેમાં 1038 શેરો ઘટયા હતા અન 80 શેરોમાં યથાવત જોવાયા હતા. આ ઉપરાંત, આજે ટ્રેડિંગ દરમ્યાન 131 શેરોએ પોતાની નવી બાવન વીકની ઉંચી સપાટીને સ્પર્શી હતી, તેજ સમયે 51 શેરો તેમના નવા બાવન વીકના નીચલા સ્તરને સ્પર્યા હતા.

રશિયાએ ગૂગલ પર 20,000,000,000,000,000,000,000,000,000,000,000 ડોલરનો દંડ લગાવ્યો, વિશ્વમાં મોજૂદ કુલ નાણાં કરતા વધુ

મોસ્કો, તા. 30: ગૂગલને રશિયન કોર્ટ દ્વારા અધધધ 20 ડેસિલિયન ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો છે. અહેવાલો મુજબ આ રકમ વિશ્વના તમામ નાણાં કરતાં વધુ છે. ટેકની વિશાળ કંપની 17 રશિયન ટીવી ચેનલોના દાવાઓનો સામનો કરી રહી છે. તેણે યુટ્યુબ પર તેમના એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ કેસમાં સામેલ ક્રેમલિનને સમર્થન આપતી ચેનલોમાં રશિયા-1 અને રશિયા ટુડેના પ્રસ્તુતકર્તાથી સંબંધિત પ્લેટફોર્મ અને પુતિનના મુખપત્ર માર્ગારીતા સિમોન્યાનનું પ્લેટફોર્મ સામેલ છે. ન્યૂઝ આઉટલેટ આરબીસી અનુસાર, મોસ્કોના જજે કાનૂની લડાઈને 'એક કેસ જેમાં ઘણા બધા શૂન્ય છે' તરીકે વર્ણવી હતી. બ્રોડકાસ્ટર અહેવાલ આપે છે કે 2020થી દર અઠવાડિયે દંડની રકમ બમણી થઈ છે, અને હવે તે 20,000,000,000,000,000,000,000,000,000,000,000 ડોલરની સમકક્ષ પહોંચી છે. દરમિયાન વિશ્વ બેંકે વૈશ્વિક અર્થતંત્રનો અંદાજ લગભગ 100 ટ્રિલિયન ડોલર લગાવ્યો છે અથવા 100 પછી 12 શૂન્ય. આ રકમ રશિયાના દંડ કરતા ઓછામાં ઓછા 20 શૂન્ય ઓછી છે.

બ્રિટનનાં નાણા મંત્રીએ વેરામાં 40 બિલિયન પાઉન્ડના વધારા સાથેનું બજેટ રજૂ કર્યું

મંત્રીએ જાહેર સેવાઓને પુનઃસ્થાપિત કરવાનું અને વધુ રોકાણનું વચન આપ્યું

લંડન, તા. 30 (એપી): બ્રિટીશ ટ્રેઝરીના વડા રચેલ રીવ્સે બુધવારે સાંસદોને જણાવ્યું હતું કે વિકાસને વેગ આપવા માટે જાહેર નાણાકીય અને રોકાણ પ્રોજેક્ટ્સમાં સુધારો કરવા માટે વેરામાં 40 બિલિયન પાઉન્ડનો (52 બિલિયન ડોલર) વધારો થશે.

આ વર્ષની શરૂઆતમાં 14 વર્ષમાં પ્રથમ વખત સત્તા પર પાછા ફર્યા પછી લેબર પાર્ટીના પ્રથમ બજેટમાં, રીવ્સે જણાવ્યું હતું કે તે નાણાંનો ઉપયોગ 'રોકાણ અને માત્ર રોકાણ' અને અર્થતંત્રને આગળ વધારવા માટે કરશે.

રીવ્સે કહ્યું હતું કે અગાઉની કન્ઝર્વેટિવ સરકાર દ્વારા છોડી દેવામાં આવેલા આર્થિક 'બ્લેક હોલ'ને કારણે વેરો વધારવાની જરૂર પડી છે. 'હું અમારી જાહેર નાણાકીય સ્થિતિમાં સ્થિરતા પુનઃસ્થાપિત કરી રહી છું અને અમારી જાહેર સેવાઓનું પુનઃનિર્માણ કરી રહી છું', એમ તેમણે કહ્યું.

કન્ઝર્વેટિવ સરકારો હેઠળ વર્ષોના અશાંતિ અને કૌભાંડોને દૂર કરવા, બ્રિટનની અર્થવ્યવસ્થાને આગળ વધારવા અને અવ્યવસ્થિત જાહેર સેવાઓને પુનઃસ્થાપિત કરવાનું વચન આપ્યા પછી મધ્ય-ડાબેરી પક્ષ 4 જુલાઈએ ચૂંટણીમાં વિજયી થયો હતો. બજેટ વર્તમાન સંસદના કાર્યકાળની અવધિ નિર્ધારીત કરી શકે છે, જેની મુદત 2029 સુધી છે. સાથે જ આગામી ચૂંટણીમાં બીજી ટર્મ માટે જીતવાની પાર્ટીની ક્ષમતા પણ નક્કી થશે.

રીઝને સખત સંતુલન બનાવવાનું કાર્ય કરવાનું છે. તેમણે લોકોના ખિસ્સામાં વધુ પાઉન્ડ મૂકવાનું, જાહેર સેવાઓ, જેમ કે શાળાઓ અને હોસ્પિટલોને ખૂબ જ જરૂરી નાણાકીય પ્રોત્સાહન આપવાનું અને અર્થતંત્રમાં વૃદ્ધિ કરવાનું વચન આપ્યું હતું.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૨૦૦
એમ-30	૪૧૫૦
એસ-30	૪૦૫૦
ગુજરાત	
એમ-30	૪૦૫૦
એસ-30	૪૯૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૮૨૦૩૦
તેજાબી સોનું	૮૧૯૪૦
દાગીના-૨૨ કેરેટ	૭૭૯૩૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૮૦૩૯૦
સોનાનાં બિસ્કીટ	૮૨૦૩૦૦
ચાંદી (૯૯૯)	૧૦૦૯૦૦
ચાંદી સિક્કા	૧૦૨૪૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૮૦૦	કોપરેલ	૪૨૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૬૫૦	વનસ્પતિ ઘી	૨૩૫૦
સીંગતેલ (૫ લી)	૮૯૦	સનફલાવર	૨૨૦૦
કપાસીયા (૧૫ કિ.)	૨૨૩૦	તલતેલ	૬૨૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૦૮૦	દિવેલ	૨૩૬૦
કપાસીયા (૫ લિ.)	૭૬૦	મકાઇ તેલ	૨૨૫૦
સરસીયું તેલ	૨૩૫૦		

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૨૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૯૧	૫૦/૩૬ ,,	૧૨૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
૩૦/૩૬ એફડી	૩૦૨	૫૦/૪૮ SD/કેપ	૧૭૧	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૨૯
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૯	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૫
૬૮/૩૬	૧૩૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૦
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૨	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૩૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૭	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૭	૮૦/૭૨ રોટો	૧૨૯	૭૫ ક્રિમ્પ	૧૩૨
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૦	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૧.૫	૮૦ ક્રિમ્પ	૧૨૩
૮૦/૭૨ રોટો.	૧૨૭	૧૬૦ ડીસ્કેટ	૧૪૧.૫	૮૦/૭૨ રોટો	૧૨૭.૫
૮૦/૩૬ રોટો.	૧૨૮	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૧	૮૦/૧૦૮ ,,	૧૨૯	૩૦/૩૬ એફડી	---

વૈશ્વિક તણાવ હોવા છતાં નિકાસકારોને મોટાપાયે ઓર્ડર મળ્યા

નવી દિલ્હી, તા. 30: મધ્ય પુર્વ દેશોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે દેશના નિકાસકારોને મોટી સંખ્યામાં હેન્ડીક્રાફ્ટ ઉત્પાદનોના ઓર્ડર મળ્યા છે. 58મી આઈએચજીએફ, જે 20 ઓક્ટોબરના રોજ સંપન્ન થઈ હતી, તેમાં 108 દેશોના લગભગ 7730 ખરીદદારો અને પ્રાપ્તિ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. હેન્ડીક્રાફ્ટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન દિલીપ બૈડે જણાવ્યું હતું કે, આ મેળામાં બ્રિટન, ઓસ્ટ્રેલિયા, યુએસએ, યુએસએ, ન્યૂઝીલેન્ડ, સાઉથ આફ્રિકાના ખરીદદારો પણ આવ્યા હતા. બૈડે કહ્યું કે આ વખતે મેળામાં ટકાઉપણું અને રિસાયક્લિંગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આમાં જયપુરની હાથથી બનાવેલી કાગળની વસ્તુઓ તેમજ પેપરમેશી અને ટેરાકોટા ઉત્પાદનો અને બાડમેરના જૂના કાપડથી બનેલા કાપડ ઉત્પાદનો શામેલ છે. ફેર કમિટીના પ્રમુખ ગિરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, લાંબા સમયથી મંદીનો સામનો કરી રહેલા હસ્તકલા ઉદ્યોગમાં આ મેળાએ નવું જીવન લાવ્યું છે.

પાંચ દિવસના આ આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં રાજસ્થાનના 600 નિકાસકારોએ વિદેશી ખરીદદારો સમક્ષ પોતાની પ્રોડક્ટ રજૂ કરી હતી.

બૈડે જણાવ્યું હતું કે જોધપુર અને જયપુરના હસ્તકલાના ફર્નિચર ઉત્પાદકોએ પણ ડિઝાઇનિંગમાં ઘણી નવીનતાઓ કરીને આકર્ષક અને આકર્ષક ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું. સૂકા કુદરતી છોડ અને સૂકા ફૂલોના ઉત્પાદનો પણ ખરીદદારોના આકર્ષણનું કેન્દ્ર હતા. આમાં બાજરી અને મકાઈના રોસ્ટને સુખદ રંગોમાં રંગવામાં આવ્યા હતા અને તેને માર્ગમાં રજૂ કરવામાં આવ્યા હતા.

સુડોકુ - 'કૂટ'

	૬		૧		૮	૨	૭	૩
૭	૧	૩	૫	૨	૭			
		૯	૩					૧
							૨	
	૩	૨	૪	૮	૯			૫
૯	૮		૨					૬
૨		૫	૯	૩		૬	૮	
૩			૮					
		૮		૬	૫	૩	૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૫	૬	૪	૧	૯	૮	૨	૭	૩
૭	૧	૩	૫	૨	૪	૯	૬	૮
૮	૨	૯	૩	૭	૬	૫	૪	૧
૪	૫	૭	૬	૧	૩	૮	૨	૯
૬	૩	૨	૪	૮	૯	૭	૧	૫
૯	૮	૧	૨	૫	૭	૪	૩	૬
૨	૭	૫	૯	૩	૧	૬	૮	૪
૩	૯	૬	૮	૪	૨	૧	૫	૭
૧	૪	૮	૭	૬	૫	૩	૯	૨

ક્રમાંક-૨૬૬૧ ફ્રીડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

ઊંચાઈ વધારવા

રોજ હળવી કસરત કરવી. સાઇકલ ચલાવવી. પાંડેરવા(Erythrina indica) ની છાલ નું ચૂર્ણ રોજ સવારે અને સાંજે બે બે ગ્રામ લેવું.

સરકારે ભાવને અંકુશમાં લેવા માટે રેલવે પરિવહનથી કાંદાનો પુરવઠો વધાર્યો

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ) સરકારે બુધવારે જણાવ્યું હતું કે, ભાવને અંકુશમાં રાખવાની તેની બહુપક્ષીય વ્યૂહરચનાના ભાગરૂપે રેલ મારફતે દિલ્હીના કિશનગંજ રેલવે સ્ટેશન પર લગભગ 840 ટન બફર ડુંગળી આવી છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, 20 ઓક્ટોબરના રોજ 'કાંદા એક્સપ્રેસ' દ્વારા કાંદા દિલ્હી પહોંચ્યા પછી 1,600 ટન કાંદાની આ બીજી મોટી રેલ ડિલિવરી છે.

નાફેડ દ્વારા પ્રાઇસ સ્ટેબિલાઇઝેશન ફંડ હેઠળ ખરીદવામાં આવેલ શિપમેન્ટ મુખ્યત્વે આઝાદપુર મંડી દ્વારા બહાર પાડવામાં આવશે, જેનો એક ભાગ રૂ. 35 પ્રતિ કિલોના ભાવે છૂટક વેચાણ માટે નિર્ધારિત કરવામાં આવ્યો છે. ગુણવત્તા અને સ્થાનના આધારે રાષ્ટ્રીય રાજધાનીમાં ડુંગળીના છૂટક ભાવ રૂ. 60-80 પ્રતિ કિલો છે. સૌપ્રથમ સરકારે તમામ પ્રદેશોમાં ડુંગળીની સમયસર અને ખર્ચ-અસરકારક ડિલિવરી માટે રેલ પરિવહન અપનાવ્યું છે. નાફેડે અગાઉ 26 ઓક્ટોબરે ચેન્નાઈમાં 840 મેટ્રિક ટનનું પરિવહન કર્યું હતું.

સૌથી મોંઘા શેરનો તાજ એમઆરએફ પર રહ્યો નહીં

શેરનો ભાવ 3.21 રૂપિયા હતો, જે આજે એલ્સિડ ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડના શેરનો ભાવ 236250 રૂપિયા ઉપર પહોંચ્યો

મુંબઇ, તા. 30: ભારતીય શેરબજારમાં રોકાણકારો મોટાભાગે ઊંચા વળતરવાળા શેરોની સાથે મોંઘા શેરોની પણ શોધ કરતા હોય છે. તે કંપનીના નાણાકીય પ્રદર્શન તેમજ આ સ્ટોકે કેટલું વળતર આપ્યું તે પણ જુએ છે. અત્યાર સુધી ભારતીય શેરબજારમાં સૌથી મોંઘો હિસ્સો ટાયર ઉત્પાદક મદ્રાસ રબર ફેક્ટરી લિમિટેડ-એમઆરએફનો હતો. પરંતુ, હવે એમઆરએફનો શેર સૌથી મોંઘો હિસ્સો નથી, પરંતુ મોંઘા શેરનું ટાઇટલ બીજી કંપનીએ લીધું છે. એમઆરએફના શેરની કિંમત લગભગ 1.2 લાખ રૂપિયા છે, જ્યારે સ્મોલકેપ કંપનીના શેરની કિંમત તેનાથી બમણી થઈ ગઈ છે. આ શેરની સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ વર્ષે જૂનમાં શેરનો ભાવ 3.21 રૂપિયા પ્રતિ શેર હતો. આ એલ્સિડ ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડ શેરનો છે. આજે શેરનો ભાવ 236250 રૂપિયા પ્રતિ શેર છે.

બીએસઈએ 21 ઓક્ટોબર 2024 ના રોજ પરિપત્ર બહાર પાડ્યો છે. આ સર્ક્યુલર અનુસાર, ચોક્કસ કોલની હરાજી સિસ્ટમ દ્વારા સંખ્યાબંધ શેરનું લિસ્ટિંગ કરવામાં આવશે. 29 ઓક્ટોબર 2024 ના રોજ વિશેષ જોગવાઈ પછી, અસરકારક દરે શેરની પતાવટ કરવામાં આવી હતી. આ પસંદગીના શેરોની સૂચિમાં એલ્સિડ ઇન્વેસ્ટમેન્ટ્સનો પણ સમાવેશ થાય છે.